પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬ | ૬ એપ્રિલ, ૨૦૧૮, શુક્રવાર ; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ‘હરણના શિકારમાં ટાઇગર દોષિત’

## ૨૦ વર્ષ જૂના કાળા હિરણ કેસમાં જોધપુર કોર્ટે સજા સંભળાવી, સૈફ, તબ્બુ, નિલમ, સોનાલી બેન્દ્રે નિર્દોષ જાહેર : સલમાનને સીધા જ જેલ લઇ જવાયો : આજે જામીન ઉપર સુનાવણી

## સલમાનને પાંચ વર્ષની જેલ



જોધપુર,તા. ૫

ભારે સનસનાટીપૂર્ણ અને ચર્ચા જગાવી ચુકેલા વર્ષ ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસમાં જોધપુરની કોર્ટે આજે તેનો ચુકાદો આપી દીધો હતો. કોર્ટે આ કેસમાં બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને દોષિત જાહેર કર્યો હતો અને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત તેના ઉપર ૧૦૦૦૦ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. સજાની અવધિ ત્રણ વર્ષથી વધુ હોવાથી સલમાનને માત્ર સેશન કોર્ટ પાસેથી જ જામીન મળી શકે છે અને સેશન કોર્ટમાં સલમાનના જામીન ઉપર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. આવી સ્થિતિમાં સલમાન ખાનને આજે એટલે ગુરુવારના દિવસે રાત્રિ જોધપુરની જેલમાં જ ગાળવી પડશે. સજા વધારે હોવાથી ચુકાદો આવ્યા બાદ સલમાનને તરત જ કસ્ટડીમાં લઈને જેલમાં લઈ જવામાં આવ્યો હતો. સીઆરપીસીમાં નિયમ છે કે, સજાની અવધિ ત્રણ વર્ષથી વધારે હોવાની સ્થિતિમાં સેશન કોર્ટમાં જ જામીન મળી શકે છે. વકીલોએ તરત જ સેશન કોર્ટમાં રજૂઆત કરી દીધી હતી. આમા તેમને અરજીમાં ચુકાદાની નકલ પણ લગાવવાની જરૂર રહેશે. કારણ કે, જામીનની અરજીમાં ચુકાદાની કોપી મુકવાની બાબત ફરજિયાત હોય છે. કોર્ટનો ચુકાદો સવારે સવા અગિયાર વાગે આવ્યો હતો પરંતુ સજાની જાહેરાત આશરે ત્રણ કલાક બાદ એટલે કે બપોરે અઢી વાગે કરવામાં આવી હતી. જો સલમાનને સજા ઓછી થઈ હોત તો આ કોર્ટમાંથી જ જામીન મળી ચુક્યા હોત. તમામ સહ આરોપી ચુકાદો આપવામાં આવ્યો ત્યારે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ટ્રાવેલ એજન્ટ દુષ્યંતસિંહ અને દિનેશ ગરવારે હજુ ફરાર છે. આ કેસમાં આજે સલમાન ખાનને પાંચ વર્ષની સજા કરવામાં આવી હતી જ્યારે આ કેસમાં અન્ય આરોપીઓ નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસમાં સેફ અલી ખાન, સોનાલી બેન્દ્રે, નીલમ અને તબ્બુને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ચુકાદા પહેલા સલમાને પોતાને નિર્દોષ હોવાની દલીલો કરી હતી. આ કેસમાં સલમાન ઉપરાંત બોલિવુડના અનેક ટોપ સ્ટાર આરોપી હતા. જો કે અન્યો આજે નિર્દોષ છુટી ગયા હતા. ચુકાદા પહેલા કોર્ટમાં પહોંચનાર તમામ કલાકારો પૈકી સલમાન ખાન સૌથી આગળ હતો. આ ગાળા દરમિયાન તેની બહેન અલવીરા અને અર્પિતા પણ તેની સાથે હતી. સેફ અલી ખાન અને નીલમ, તબ્બુ અને અન્યો પણ કોર્ટમાં પહોંચાયા હતા.સોનાલી બેન્દ્રે તેના પતિ ગોલ્ડી બહલની સાથે કોર્ટમાં પહોંચી હતી. અગાઉ વર્ષ ૧૯૯૦ના આ કેસના મામલે જોધપુરની અદાલતે ૨૮મી માર્ચના દિવસે સુનાવણી પૂર્ણ કરી લીધી હતી. સાથે સાથે ચુકાદો પાંચમી એપ્રિલના દિવસે જાહેર કરવાની

● અનુસંધાન પાન-૭ પર

## સલમાન ખાન પર ૬૦૦ કરોડ રૂપિયા લાગ્યા છે

**જામીન નહીં મળવાની સ્થિતિમાં ભારે નુકસાન : રેસ-૩ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ પરંતુ કિક-૨, દબંગ-૩ અને ભારત ફિલ્મનું શૂટિંગ શરૂ કરાયું નથી : નિર્માતા ચિંતિત**

જોધપુર, તા. ૫

વર્ષ ૧૯૯૮ના કાળા હરણ શિકાર કેસમાં બોલિવુડના સુપરસ્ટાર સલમાન ખાનને આજે પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવતા બોલિવુડમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં સલમાન ખાન હાલનો સૌથી મોંઘો સ્ટાર છે. તેની તમામ ફિલ્મો રેકોર્ડ સફળતા હાંસલ કરી રહી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં તે સૌથી લોકપ્રિય સ્ટાર છે. તેની છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી વધારે માંગ પણ રહી છે. ઈન્ડસ્ટ્રીઝમાં તેના પર આશરે ૬૦૦ કરોડ રૂપિયા લાગેલા

● અનુસંધાન પાન-૭ પર

## જોધપુરની જેલમાં સલમાન આસારામ પાસેના બેરેકમાં

જોધપુર, તા. ૫

કાળા હરણ શિકાર કેસમાં સલમાન ખાનને દોષિત જાહેર ઠેરવીને પાંચ વર્ષની જેલની સજા કરવામાં આવ્યા બાદ તેને તમામ જરૂરી વિધિ કરવામાં આવ્યા બાદ જોધપુર જેલમાં લઈ જવામાં આવ્યો હતો. સલમાન ખાનની જામીન અરજી મામલે આવતીકાલે સેશન કોર્ટમાં સુનાવણી થનાર છે ત્યારે આજે તેને જેલમાં રાત્રિ ગાળવી પડશે. સલમાનને જોધપુર સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યો હતો. જેલમાં આની તૈયારી ચુકાદો આવ્યા બાદ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં સલમાનના ચાહકો પણ જોધપુર જેલની આસપાસ પણ એકત્રિત થયા હતા. અત્રે નોંધનીય છે કે, બળાત્કારના કેસમાં દોષિત જાહેર થયેલા આસારામને આજ જેલમાં રાખવામાં આવ્યા છે. આસારામ છેલ્લા ઘણા સમયથી જેલમાં છે. સલમાન ખાનને પણ આસારામની નજીકના બેરેકમાં રાખવામાં આવશે. સલમાન ખાનની મુશ્કેલીઓમાં સતત વધારો ફરી એકવાર થઈ ગયો છે.

## ન્યુઝ ટ્રેક

**આજે ભાજપનો સ્થાપના દિન**

કેન્દ્રીય તેમજ ૨૧ રાજ્યોમાં શાસન કરનાર ભારતીય જનતા પાર્ટી આવતા શુક્રવારે પોતાનો ૩૮મો સ્થાપના દિવસ ઉજવશે. એ દિવસે પાર્ટી આવતા વર્ષે નિર્ધારિત લોકસભાની ચૂંટણી માટે તેના પ્રચારનો શુભારંભ કરશે.

**ઇસરો IRNSS-11 ઉપગ્રહ લોન્ચ કરશે**

ઈસરો દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા સંચાર ઉપગ્રહ GSAT-6A બાદ ઈસરો ૧૨ એપ્રિલના રોજ તેના આગામી નેવિગેશન સેટેલાઈટ IRNSS-1Iના લોન્ચિંગ માટે તૈયારી કરી રહ્યું છે. ઈસરોના ચેરમેન ડૉ.કે સિવાને જણાવ્યું કે IRNSS-1I અગાઉ લોન્ચ કરવામાં આવેલા ઉપગ્રહ GSAT-6Aના સિગ્નલ લિંકની સ્નેપિંગના કારણે પ્રભાવિત થશે નહીં. જ્યારે એક તરફ ઈસરોની એક ટીમ GSAT-6A સાથેના સંપર્કને પુનઃ સ્થાપિત કરવામાં વ્યસ્ત છે.

**પાક સ્પિનર શાદાબ ખાનને દંડ**

પાકિસ્તાનના સગીર વયના લેગ-સ્પિનર શાદાબ ખાનને વેસ્ટ ઈન્ડિઝ સામેની ટ્વેન્ટી-૨૦ મેચ દરમિયાન ખેલાડીઓની આચારસંહિતાનો ભંગ કરવા બદલ દંડ કરવામાં આવ્યો હોવાનું આઈ. સી. સી. તરફથી જણાવવામાં આવ્યું હતું.

## રેપો-રિવર્સ રેપોરેટ યથાવત

**આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ જાહેર : માર્જિન સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ ૬.૨૫ ટકા અને બેંક રેટ ૬.૨૫ ટકા જાળવવા નિર્ણય કરાયો : તમામ પાસા પર વિચારણા કરાયા બાદ રેટ યથાવત રખાયા**

મુંબઈ, તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની વર્ષ ૨૦૧૮-૧૯ની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ, બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યા છે. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ધારણા પ્રમાણે જ આજની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યા હતા. તેની ફેબ્રુઆરી સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એસએલઆરને ૧૯.૫ ટકા યથાવત રાખવામાં આવ્યો હતો. પોલિસી સમીક્ષાની બેઠકમાં તમામ પાસાઓ ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. આરબીઆઈની એમપીસીની બેઠક ગઈકાલે શરૂ થઈ હતી. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૮-૧૯ની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા આજે જાર કરવામાં આવી હતી. ઉર્જિત પટેલના નેતૃત્વમાં મળેલી બેઠકમાં રેટમાં કાપની અપેક્ષા ઓછી હતી. બુધવારના દિવસે આ બેઠક શરૂ થઈ હતી. વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતો, ડોલરની ચાલ જેવી બાબતોને ધ્યાનમાં લઈને રેપોરેટને યથાવત રાખવાનો નિર્ણય બહુમતિના આધારે લેવામાં આવ્યો હતો.

એમપીસીના પાંચ સભ્યોએ રેટને યથાવત રાખવાની વાત કરી હતી જ્યારે માઈકલ પાત્રાએ રેપોરેટમં ૨૫ બેઝિક પોઈન્ટના વધારાની વાત કરીહતી. આરબીઆઈએ એમ પણ કહ્યું છે કે, હાઉસ રેંટ ભથ્થાના લીધે ફુગાવા પર અસર થઈ રહી છે. તેની છેલ્લી ત્રણ પોલિસી સમીક્ષા બેઠકમાં આરબીઆઈએ રેપોરેટને યથાવત રાખ્યા છે.

## મીરાબાઈ ચાનૂએ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો

**કોમનવેલ્થ ગેમ્સમાં વેટલિફ્ટર ગુરુરાજા પુજારીને ગુરુવારે ૫૬ કિલો (મેન્સ) કેટેગરીમાં સિલ્વર મેડલ**



ગોલ્ડકોસ્ટ,તા.૫

૨૧માં કોમનવેલ્થ ગેમ્સમાં દેશભરની આંખો મહિલા વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ પર છે. ચાનુએ દેશને નિરાશ ન કરતા પ્રથમ ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. મીરાએ કુલ ૧૯૬ કિલો ભાર ઉપાડીને ઈતિહાસ રચ્યો. ૨૦૧૪ ગ્લાસ્ગો કોમનવેલ્થ રમતમાં ચાનુએ ૪૮ કિલો વર્ગમાં દેશ માટે સિલ્વર મેડલ જીત્યો હતો.

કોમવવેલ્થ ગેમ્સમાં પહેલાં જ દિવસે ભારતને મોટી સફળતા મળી છે. વેટલિફ્ટર ગુરુરાજા પુજારીને ગુરુવારે ૫૬ કિલો (મેન્સ) કેટેગરીમાં સિલ્વર મેડલ મળ્યો છે. મલેશિયાના મોહમ્મદ એએચ ઈઝહાર અહમદને ગોલ્ડ મેડલ મળ્યો છે. જ્યારે શ્રીલંકાના ચતુરંગાને કાંસ્ય અવોર્ડ મળ્યો છે. નોંધીય છે કે, ગુરુરાજ કર્ણાટકનો

● અનુસંધાન પાન-૭ પર

## સીઆરપીએફના ટ્રક પર પથ્થરમારો, બે જવાન શહિદ

**પથ્થરમારો કરતાં ટ્રક પલ્ટી જતાં આ દુર્ઘટના સર્જાઈ**

અનંતનાગ,તા.૫

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં કાકેરનાગ વિસ્તારમાં સીઆરપીએફના ટ્રક પર પથ્થરમારો કરાતાં સીઆરપીએફ ૧૬૪ બટાલિયનના બે જવાનોના મોત થયા છે જ્યારે ૩ જવાન ઈજાગ્રસ્ત થયા છે. મળતાં અહેવાલ મુજબ કોકેરનાગર વિસ્તારમાં અસમાજીક તત્વો દ્વારા સીઆરપીએફના ટ્રક પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં ટ્રકનો ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ટ્રક ચાલકના ઈજાગ્રસ્ત થયા બાદ ટ્રકનું નિયંત્રણ ગુમાવી દેતા પલટી ગઈ હતી.

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કોકેરનાગ વિસ્તારમાં ફરી અસામાજીક તત્વોનો આતંક જોવા મળ્યો. અસમાજીક તત્વોએ ઝઈહ્લના ટ્રક પર પથ્થરમારો કરતા ટ્રક પલટી જતાં ૨ જવાનોના મોત થયા હતા. ત્રણ જવાન ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્ત જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

## હોબાળાના પરિણામે બજેટ સત્રમાં ખુબ ઓછુ કામ થયુ

નવી દિલ્હી,તા. ૫

વર્ષ ૨૦૧૮નુ બજેટ સત્ર સંપૂર્ણ પણે ધાંધલ ધમાલના કારણે કામ વગર પૂર્ણ થયુ છે. બજેટ સત્રના બીજા તબક્કામાં પણ કોઇ વધારે કામ થયુ ન હતુ. બીજો તબક્કો શુક્રવારના દિવસે પૂર્ણ થઇ રહ્યો છે. આવી સ્થિતીમાં આ બજેટ સત્ર વર્ષ ૨૦૦૦ બાદથી સૌથી ઓછુ બજેટ સત્ર તરીકે રહેશે. વર્ષ ૨૦૦૦ બાદથી સૌથી ઓછુ કામ આ સત્ર દરમિયાન થયુ છે. સંસદમાં ભલે ૨૪ લાખ કરોડ રૂપિયાનુ બજેટ પાસ કરવામાં આવ્યુ છે પરંતુ તેના પર એંકદરે એક દિવસ પણ ચર્ચા કરવામાં આવી નથી. સાંસદોએ જ્યાં એકબાજુ લોકસભામાં બજેટ પર ચર્ચામાં માત્ર સાઢા ૧૪ કલાકનો સમય લગાવ્યો હતો. જ્યારે રાજ્યસભામાં આ આંકડો ૧૦.૯ કલાકનો રહ્યો છે. આના પહેલા બજેટ સત્રની વાત કરવામાં આવે તો સામાન્ય રીતે સત્રના કુલ સમય પૈકી ૨૦ ટકા અથવા તો ૩૩ કલાક બજેટ પર ચર્ચામાં ખર્ચ થાય છે. આ ઉપરાંત પ્રોડક્ટીવિટિની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૮નુ સત્ર ચોથુ સૌથુ ખરાબ સત્ર રહ્યુ છે. સાંસદોએ ભારે ધાંધલ ધમાલ જુદા જુદા વિષયને લઈને કરી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

Amul
masti DAHI
Only ₹50/-*
1kg
goodness with every spoon
*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.

PDPU is one of the only Two Private Universities in India to be conferred Autonomy by MHRD, GOI
GANDHINAGAR COUNSELLING
SLS SCHOOL OF LIBERAL STUDIES
Entrance Test 26th May, 2018
Apply Online @ sls.pdpu.ac.in
ADMISSIONS OPEN 2018
B.B.A./ B.A. (Honours) | B.Com. (Honours) | B.Sc. (Honours)
VENUE 8th April, 2018 | 10am to 1pm
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
Raisan, Gandhinagar, Gujarat - 382421
ALL INDIA ENTRANCE TEST CENTRES
Bengaluru, Indore, Kolkata, Mumbai & New Delhi
Vadodara, Bhavnagar, Gandhinagar, Rajkot & Surat
PDPU
UGC RECOGNIZED PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
NAAC Accreditation ‘A’ Grade (CGPA 3.39/4.0)
079-23275231/40/41/44, 09909979438/ 09924133225